# અમદાવાદની મજુર અદાલત નં.૩ ના એડી.ચીફ.જયુ.મેજી.શ્રી એ.એમ.શેખ સાહેબ સમક્ષ, મુ.અમદાવાદ.

**નવો ફોજદારી કેસ નં.૧૫૦૨૬/૨૦૧૮**
**(જુનો ફોજદારી.કેસ નં.૧૨૨૦/૨૦૦૯)**

**ફરીયાદી :- ઈન્સ્યુરન્સ ઈન્સ્પેકટરશ્રી**
**કામદાર રાજય વીમા નિગમ**
**આશ્રમ રોડ, અમદાવાદ.**

**:: વિરૂઘ્ધ ::**

**આરોપીઓ :-(૧) મેસર્સ શ્રીજી રોડલાઈન્સ, ૩૭/૨૬૦૬૯-૧૦૬.**
**(૨) શ્રી જગદીશ સિંઘ તનવર (ભાગીદાર)**
**c/o મેસર્સ શ્રીજી રોડલાઈન્સ**
યુ/૭ સ્વસ્તિક હાઉસ, મુકિતજીવન સ્ટુડિયો
નજીક, નવરંગપુરા, અમદાવાદ.

## : આંક-૧ હેઠળ હુકમ :

(૧) ફરીયાદીએ હાલની ફરીયાદ ઈ.એસ.આઈ.એકટ ૧૯૪૮, હેઠળ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સમક્ષ દાખલ કરેલ છે. જે ફરીયાદ મજુર અમદાવાદ સમક્ષ તબદીલ થતા તેને અત્રેના ક્રિમીનલ રજીસ્ટરે નવા નંબરથી નોંધવામાં આવેલ છે. આ ફરીયાદ ખાનગી ફરીયાદ છે. કેસનુ રેકર્ડ વંચાણે લીધું. સદર કેસનું રેકર્ડ ઘ્યાને લેતાં એમ્પ્લોઈઝ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (ઈ.એસ.આઈ.) જે ફરીયાદી છે તેઓએ હાલના કેસના આરોપી સામે ઈ.એસ.આઈ.એકટ ૧૯૪૮ હેઠળની ફરીયાદ દાખલ કરેલ છે. ત્યારબાદ આરોપી વિરૂઘ્ધ આ અદાલત ઘ્વારા વારંવાર પ્રોસેસો કાઢવામા આવેલા હોવા છતાં બજેલ નથી. આ બાબતે ફરીયાદ પક્ષ માહિતગાર છે આમ છતાં તેમના દવારા નવું સરનામું આજદીન સુધી રજૂ કરવામાં આવેલ નથી કે તે માટે અરજીઓ પણ આપવામાં આવેલ નથી.

(૨) આમ, સદર કામે આરોપીને પ્રોસેસ બજાવવા પુરતા પ્રયત્નો કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકેલ નહી તેમજ તમામ પ્રયત્નો કરવા છતાં આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી. પ્રસ્તુત કેસ ઘણો જ જુનો છે તેમજ અવારનવાર પ્રયત્નો કરવા છતાં આરોપી મળી આવતો ન હોય સદર કામે ફરીયાદી કચેરીના અધિકારી આરોપીને કોઈ પણ રીતે શોધી શકેલા નથી કે તેમના નવા સરનામા અત્રેની અદાલત સમક્ષ રજૂ કરી શકેલા નથી. પ્રસ્તુત કેસમાં ફરીયાદી-કચેરીના અધિકારી આરોપીને શોધી શકવામાં કે પ્રોસેસની બજવણી કરવામાં અસફળ રહેલ છે.

(૩) ઉપરોકત હકીકત ઘ્યાને લેતાં હાલનું કેસ રેકર્ડ વંચાણે લેતાં પ્રસ્તુત કેસ ઘણો જ જુનો છે તથા પ્રસ્તુત કેસમાં આરોપી નજીકના ભવિષ્યમાં પણ મળી આવે કે તેની સામે ટ્રાયલ શરૂ થઈ શકે તેવી કોઈ શકયતા જણાતી નથી તદઉપરાંત હાલમાં અદાલતોમાં કેસોના ભરાવાનું પ્રમાણ જોવામાં આવે તો આવા પ્રકારના ડેડવુડ કેસો કે જેમાં ફરીયાદ પક્ષ પોતે આરોપીને શોધી શકે તેમ નથી કે અદાલત સમક્ષ તેનું કોઈ સરનામું રજુ કરી શકે તેમ નથી કે નજીકના ભવિષ્યમાં ટ્રાયલ શરૂ થઈ શકે તેમ નથી. જેથી આવા કેસો ફરીયાદ પક્ષને આરોપી જયારે મળી આવે ત્યારે ફરીથી પ્રોસીકયુશન દાખલ કરવાની પરવાનગી સાથે ફેંસલ કરવામાં આવે તો અદાલતોમાં પેન્ડીંગ આવા જુના કેસોનું ભારણ ઘટી શકે તેમજ અદાલતો અસરકારક કેસો પર પૂરતું ઘ્યાન આપી શકે તેમ છે.

(૪) આ તબકકે અત્રેની અદાલતનું ધ્યાન નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રિમીનલ રીવીઝન એપ્લીકેશન નં.૬૫૬/૧૯૯૯, ગુજરાત સરકાર વિ. કે.કે.હરખાણીના કેસમાં તા.૨૨/૩/૨૦૦૦ ના રોજ આપવામાં આવેલ ચુકાદા પર જાય છે જેમાં નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે,...

2. The learned JMFC, Bhavnagar the case is more thansix year old, the prosecution has been unable to serve the process issued in the said case against the accused nos. 10 and 11. The Court has attempted to effect the made attempts to serve them. However, so far they have remained unsuccessful in offecting service. Under the circumstances the learnedJMFC directed that the trial should proceed against the accused nos. 1 to 9 and 12, and that as and when addresses of accused nos.10 and 11 are obtained, liberty is reserved to the complainant to the fil fresh complaints against them. ultimately the trial is directed to proceed as against accused nos.1 to 9 and 12.

3. On the facts and circumstances of the case find that the impugned order is completely justified, and unexceptionable. Learned counsel for the State is unable to point out as to how the impugned order would work to the prejudice of the prosecution or the complainant in any manner whatsoever. This revision is therefore, sum marily dismissed.

(૫) ઉપરોકત તમામ હકીકતો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેતાં હાલના કેસમાં પણ જો ફરીયાદ પક્ષને જયારે આરોપી મળી આવે તે સંજોગોમા ફરીથી નવુ પ્રોસીકયુશન એટલે કે નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે હાલનો કેસ ફેંસલ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે તેમ છે, તે સંજોગોમાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

:: **<u>હુકમ</u>** ::

આ કામના આરોપી મળી આવતા ન હોય, તેમજ ફરીયાદ પક્ષ આરોપીનું નવું સરનામુ રજુ કરી શકે તેમ ન હોય, અને સદર કેસ ઘણો જૂનો હોય તેમજ આરોપી સામેની ટ્રાયલ ટુંક સમયમાં શરૂ થાય તેવી કોઈ શકયતા ન હોય, ફરીયાદ પક્ષને જયારે આરોપી તથા તેનું સરનામુ મળી આવે ત્યારે ફરીથી નવું પ્રોસીકયુશન એટલે કે, નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે આરોપી સામેની કાર્યવાહી હાલ પુરતી બંધ કરી હાલનો કેસ ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૦૯/૦૯/૨૦૨૩.**
**સ્થળ : અમદાવાદ.**

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એડિશનલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

K.P.GAJJAR(P.S)